કરજણમાં હિટાચી એનર્જીની બે હજાર કરોડની ફેક્ટરીનું ભૂમિપૂજન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસ, રોજગારી અને ઊર્જા ક્ષેત્રે નવી દિશા દર્શાવી

2028 સુધી અત્યાધુનિક ટ્રાન્સફોર્મર ઉત્પાદન એકમ કાર્યરત કરવાનો લક્ષ્યાંક

(પ્રતિનિધિ) વડોદરા તા.12

કરજણ ખાતે હિટાચી એનર્જી દ્વારા આશરે રૂ. 2,000 કરોડના રોકાણથી સ્થાપિત થનારી લાર્જ પાવર ટ્રાન્સફોર્મર ફેક્ટરીનું ભૂમિપૂજન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ સાથે રોજગારી સર્જન, કૌશલ્ય વિકાસ અને MSME ક્ષેત્રને નવી ગતિ આપશે.

મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરતાં જણાવ્યું કે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાં સ્થાન મેળવી રહ્યું છે. હિટાચી એનર્જીનો આ પ્રોજેક્ટ 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને મજબૂત બનાવશે અને દેશની ઊર્જા આત્મનિર્ભરતા વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. તેમણે ઉમેર્યું કે ગુજરાતની ઉદ્યોગમૈત્રી નીતિઓ, પારદર્શક વહીવટ અને મજબૂત કાયદો-વ્યવસ્થાને કારણે રાજ્ય વૈશ્વિક રોકાણકારો માટે પસંદગીનું કેન્દ્ર બન્યું છે.

ગુજરાત અને હિટાચી વચ્ચેના છ દાયકાથી વધુ સમયના સંબંધોનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે અનેક આંતરરાષ્ટ્રીય કંપનીઓ માટે ગુજરાત આજે 'સેકન્ડ હોમ' સમાન બન્યું છે. તેમણે કચ્છના ખાવડા ખાતે વિકસિત થઈ રહેલા 37 ગીગાવોટના રિન્યુએબલ હાઈબ્રિડ પાર્કનો ઉલ્લેખ કરી કહ્યું કે ગુજરાત દેશનું 'એનર્જી કેપિટલ' બનવા તરફ આગળ વધી રહ્યું છે.

હિટાચી એનર્જી ઈન્ડિયાના એમડી અને CEO એન. વેણુએ જણાવ્યું કે કરજણની નવી ફેસિલિટી 'ડિજિટલ-ફર્સ્ટ' ટ્રાન્સફોર્મર ફેક્ટરી તરીકે વિકસાવવામાં આવશે, જે રિન્યુએબલ એનર્જી ઈન્ટિગ્રેશનને વેગ આપશે. કંપનીના ગ્લોબલ CEO બ્રુનો મેલેસે 2028 સુધીમાં ફેક્ટરી કાર્યરત કરવાનો લક્ષ્યાંક વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન CSR હેઠળ જમનાબાઈ જનરલ હોસ્પિટલને એમ્બ્યુલન્સ પણ અર્પણ કરાઈ હતી.

સેવા અને શિક્ષણનો અનોખો સંગમ સફળતાપૂર્વક સંપન્ન

વિનામૂલ્યે નોટબુક વિતરણ કાર્યક્રમ આનંદભેર પૂર્ણ થયો!

(પ્રતિનિધિ) વડોદરા તા.12

ભાદરવા તથા આજુબાજુના ગામમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે આયોજિત વિનામૂલ્યે નોટબુક વિતરણનો કાર્યક્રમ આજે સફળતાપૂર્વક સંપન્ન થયો છે.

શ્રી ચેહર જોગણી માતાજી તથા શ્રી આનંદેશ્વર મહાદેવ તીર્થ (સત્ નો દરબાર), ભાદરવા દ્વારા આ સુંદર આયોજન માતાજીની પ્રસાદી રૂપે વિનામૂલ્યે નોટબુક વિતરણ કરવામાં આવ્યું હતું.

વર્ષોથી અવિરત ચાલી આવતી આ સેવાની પરંપરાને આગળ ધપાવતા, પૂજ્ય મહંત શ્રી રમેશજી મહારાજજી અને પૂજ્ય મહંત શ્રી વિજયજી મહારાજજી ના વરદ હસ્તે વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું. આ સુવર્ણ તકનો લાભ લઈને મોટી સંખ્યામાં વિદ્યાર્થી બાળકો દિકરીઓ ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રશંસનીય પહેલ આગામી સમયમાં આ વિસ્તારના બાળકોને તેમના ઉચ્ચ અભ્યાસમાં ચોક્કસપણે ખૂબ જ મદદરૂપ અને પ્રેરણાદાયી બનશે.

'હેલ્મેટ પ્રસાદ'થી યુવાઓમાં સુરક્ષા અને સંસ્કારનો સંદેશ

૧૫૦થી વધુ સ્વાધ્યાયી યુવાઓએ હેલ્મેટ-બેકપેકનો પ્રસાદ સ્વીકાર્યો

ટ્રાફિક અધિકારીઓએ અનોખી પહેલને બિરદાવી, દીદીજીના માર્ગદર્શનને સરાહ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 12

સ્વાધ્યાય પરિવાર દ્વારા આયોજિત 'હેલ્મેટ પ્રસાદ' કાર્યક્રમ હેઠળ વડોદરામાં 150થી વધુ યુવાઓએ હેલ્મેટ અને બેકપેકનો પ્રસાદ સ્વીકાર્યો હતો. પરમ પૂજનીય પાંડુરંગશાસ્ત્રી આઠવલે (દાદાજી)ના 'હૃદયસ્થ ભગવાન'ના વિચારને આગળ વધારતા પૂજનીય જયશ્રી તલવલકર દીદીજીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં સુરક્ષા સાથે સંસ્કારનો અનોખો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ આયોજન માત્ર ટ્રાફિક સુરક્ષા અંગે જાગૃતિ પૂરતું મર્યાદિત નથી, પરંતુ શરીરને ભગવાનના આવાસ સમાન માની તેની સુરક્ષા કરવાની ભાવના સાથે જોડાયેલું છે. છેલ્લા દાયકાથી વધુ સમયથી દર બે વર્ષે યોજાતી આ પરંપરા આજે પણ હજારો યુવાઓ માટે પ્રેરણારૂપ બની રહી છે.

આ વર્ષે વડોદરા સહિત મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં 1,500થી વધુ તેમજ સમગ્ર ગુજરાતમાં 5,000થી વધુ યુવાઓએ હેલ્મેટ અને બેકપેકનો પ્રસાદ સ્વીકાર્યો હતો. કાર્યક્રમમાં ટ્રાફિક વિભાગના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ જગદીશ વસાવા અને આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ દત્તાત્રેય વ્યાસ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે હેલ્મેટને માત્ર સુરક્ષા સાધન નહીં પરંતુ પ્રેમ, આશીર્વાદ અને જવાબદારીના 'પ્રસાદ' તરીકે સ્વીકારવાની આ પરંપરા હૃદયસ્પર્શી છે. સ્વાધ્યાયમાં હેલ્મેટનું વિતરણ કોઈ ભૌતિક સહાય નહીં પરંતુ આત્મીય સંબંધ અને દૈવી ભાવનાનું પ્રતીક છે. દીદીજીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમે ફરી એકવાર સાબિત કર્યું છે કે સ્વાધ્યાય જીવનમૂલ્યો, સંસ્કાર અને સુરક્ષાને પ્રોત્સાહન આપતી જીવંત ચળવળ છે.

પૂર્વ ડિરેક્ટર સહિતના આરોપીઓએ ખોટું રીતે જમીન લીઝ પર આપી હોવાનો દાવો

ટેન્સાઈલ સ્ટીલની કરોડોની જમીન કૌભાંડમાં 8 સામે ફરિયાદ, બનાવટી દસ્તાવેજોથી કબજો કરવાનો આક્ષેપ

હાઇકોર્ટના ચુકાદાની અવગણના કરી ધમકીથી કબજો લેવાનો પ્રયાસ, ડીસીબી તપાસમાં

(પ્રતિનિધિ) વડોદરા, તા. 12

વડોદરાના માંજલપુર વિસ્તારમાં આવેલી ટેન્સાઈલ સ્ટીલ લિમિટેડની કિંમતી જમીનને લઈને કરોડો રૂપિયાના કૌભાંડનો આક્ષેપ સામે આવ્યો છે. બનાવટી દસ્તાવેજો તૈયાર કરી કંપનીની જમીન ગેરકાયદે લીઝ પર આપવાનો તેમજ ધમકી આપી કબજો મેળવવાનો પ્રયાસ કરાયો હોવાની ફરિયાદ ડીસીબી પોલીસમાં નોંધાઈ છે. કંપનીના પ્રમોટર ડિરેક્ટર સંજયકુમાર પટેલે પૂર્વ ડિરેક્ટર અમિત શાહ, બિલ્ડર ભાવેશ અમીન સહિત કુલ 8 વ્યક્તિઓ સામે ગુનો નોંધાવવા અરજી કરી છે.

ફરિયાદ મુજબ સંજય પટેલે કંપનીના બેંક લેણાં, શેરહોલ્ડરો અને અન્ય દેવાદારોને મળીને રૂ.123.84 કરોડથી વધુની ચુકવણી કર્યા બાદ કંપનીનું સંચાલન સંભાળ્યું હતું. ત્યારબાદ તેઓ કંપનીમાં 87.12 ટકા શેરહોલ્ડિંગ ધરાવતા મુખ્ય સંચાલક તરીકે કાર્યરત હતા. આરોપ છે કે પૂર્વ ડિરેક્ટર અમિત શાહે રાજીનામું આપ્યા બાદ પણ પોતાને અધિકૃત પ્રતિનિધિ તરીકે રજૂ કરી કંપનીના લેટરહેડ, સીલ અને દસ્તાવેજોનો દુરુપયોગ કર્યો હતો.

આરોપીઓએ મળીને ખોટું બોર્ડ રિઝોલ્યુશન, પાવર ઓફ એટર્ની અને લીઝ ડીડ તૈયાર કરી કંપનીની કિંમતી જમીન શ્રીમ કન્સ્ટ્રક્શન પ્રા. લિ.ના હિતમાં 30 વર્ષ તથા ત્યારબાદ કાયમી સમયગાળા માટે અત્યંત નજીવા ભાડે લીઝ પર આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ સમગ્ર પ્રક્રિયામાં કંપનીના મૂળ શેરહોલ્ડરો અને લેણદારોના હિતોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થયો હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે.

ફરિયાદ અનુસાર 9 મે, 2026ના રોજ જૈમિન ગાંધી નામનો વ્યક્તિ 20થી 25 અજાણ્યા લોકો સાથે જમીન પર પહોંચ્યો હતો અને કંપનીના પ્રતિનિધિઓને સ્થળ ખાલી કરવાની ધમકી આપી હતી. આ દરમિયાન જમીનનો કબજો મેળવવાનો પ્રયાસ પણ કરાયો હોવાનો આક્ષેપ છે.

ફરિયાદમાં વધુમાં દાવો કરવામાં આવ્યો છે કે હાઇકોર્ટના 9 મે, 2024ના ચુકાદાની અવગણના કરીને કરોડોની શંકાસ્પદ નાણાકીય લેવડદેવડ કરવામાં આવી હતી. ડીસીબી પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે અને દસ્તાવેજો, બેંકિંગ વ્યવહારો તેમજ સંબંધિત નાણાકીય લેવડદેવડની ચકાસણી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

ફેસબુક પર 'Session Expired' મેસેજથી યુઝર્સ પરેશાન

મેટાના પ્લેટફોર્મ્સમાં વૈશ્વિક ટેકનિકલ ખામી, લાખો યુઝર્સ અચાનક લોગ-આઉટ

સાયબર હુમલો નહીં પરંતુ સર્વર ખામી હોવાનું અનુમાન; નિષ્ણાતોએ ગભરાશો નહીં તેવી અપીલ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 12

વિશ્વની અગ્રણી સોશિયલ મીડિયા કંપની મેટા (Meta)ના વિવિધ પ્લેટફોર્મ્સમાં શુક્રવારે અચાનક સર્જાયેલી ટેકનિકલ ખામીને કારણે વિશ્વભરના લાખો યુઝર્સને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને ફેસબુક (Facebook) પર અનેક યુઝર્સને "Session Expired"નો મેસેજ દેખાયો હતો, જેના કારણે તેઓ કોઈ પૂર્વ સૂચના વિના પોતાના એકાઉન્ટમાંથી આપોઆપ લોગ-આઉટ થઈ ગયા હતા. ત્યારબાદ ફરી લોગ-ઈન કરવાનો પ્રયાસ કરતાં પણ એપ્લિકેશન અને વેબસાઈટ યોગ્ય રીતે પ્રતિસાદ આપતી ન હોવાની ફરિયાદો સામે આવી હતી.

આ ખામીની અસર માત્ર ફેસબુક પૂરતી મર્યાદિત રહી નહોતી. ઈન્સ્ટાગ્રામ (Instagram) અને વોટ્સએપ ડેસ્કટોપ (WhatsApp Desktop) સહિત મેટાના અન્ય પ્લેટફોર્મ્સ પર પણ કનેક્ટિવિટી, લોગ-ઈન અને સર્વર સંબંધિત સમસ્યાઓ નોંધાઈ હતી. અનેક યુઝર્સે સોશિયલ મીડિયા અને અન્ય ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર પોતાની મુશ્કેલીઓ શેર કરતાં આ મુદ્દો ઝડપથી વૈશ્વિક ચર્ચાનો વિષય બન્યો હતો.

પ્રાથમિક માહિતી મુજબ ભારત ઉપરાંત અમેરિકા, યુકે, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને ફિલિપિન્સ સહિતના અનેક દેશોમાં એકસાથે આ સમસ્યા જોવા મળી હતી. ટેકનિકલ નિષ્ણાતોના મતે આ કોઈ સાયબર હુમલો, ડેટા ચોરી કે એકાઉન્ટ હેકિંગની ઘટના નથી. મેટાના સેન્ટ્રલ ડેટાબેઝ અથવા સર્વર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સર્જાયેલી ટેકનિકલ ખામીને કારણે આ સ્થિતિ ઊભી થઈ હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે.

સાયબર એક્સપર્ટ મયુર ભુસાવળકરે જણાવ્યું હતું કે યુઝર્સે ગભરાવાની જરૂર નથી. તેમના એકાઉન્ટ અને વ્યક્તિગત માહિતી સુરક્ષિત છે. વારંવાર પાસવર્ડ બદલવો, એપ ડિલીટ કરવી અથવા નવી એપ ઈન્સ્ટોલ કરવી જેવી ઉતાવળભરી કાર્યવાહી ટાળવી જોઈએ. મેટાની ટેકનિકલ અને એન્જિનિયરિંગ ટીમ ખામી દૂર કરવા માટે સતત કામગીરી કરી રહી છે અને સેવાઓ ટૂંક સમયમાં સંપૂર્ણપણે સામાન્ય થવાની શક્યતા છે.

આ ઘટનાએ ફરી એકવાર વિશ્વભરના કરોડો લોકોના દૈનિક જીવનમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સની વધતી નિર્ભરતા અને ટેકનિકલ માળખાની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરી છે.

વડોદરા હેડ પોસ્ટ ઓફિસ ખાતે મેઈલ બુકિંગ સેવાના સમયમાં નોંધપાત્ર વધારો

રાવપુરા સ્થિત વડોદરા હેડ પોસ્ટ ઓફિસ ખાતેના મેઈલ બુકિંગ કાઉન્ટરના કાર્ય સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે આ કાઉન્ટર સોમવારથી શનિવાર દરમિયાન સવારે ૦૮:૦૦ થી રાત્રે ૦૮:૦૦ કલાક સુધી સતત કાર્યરત રહેશે.

AXIS BANK LIMITED

ગીરવે અસ્કયામતો એટલે કે સોનાના દાગીનાની હરાજી માટેની જાહેર નોટિસ

ઋણધારકોને ખાસ અને સામાન્ય જનતાને આથી જાણ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલા ખાતાઓમાં ગીરવે મૂકેલા સોનાના દાગીનાની જાહેર હરાજી એક્સિસ બેંક દ્વારા નીચે દર્શાવેલી શાખા ખાતે યોજવાનું પ્રસ્તાવિત છે.

નીચે ઉલ્લેખિત ઋણધારકોએ બેંકની તરફેણમાં સુરક્ષા પેટે સોનાના દાગીના ગીરવે મૂકીને એક્સિસ બેંક લિમિટેડ પાસેથી ધિરાણ સુવિધા ("ગોલ્ડ લોન સુવિધા") મેળવી છે. ઋણધારકો/જામીનદારોને તેમણે મેળવેલી ગોલ્ડ લોન સુવિધા પેટેની બાકી રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી હતી. ઋણધારકો/જામીનદારો બાકી લોનની રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી, બેંક ગીરવે મૂકેલી વસ્તુઓનો અધિકાર વાપરવા માટે મજબૂર થઈ છે અને નીચે દર્શાવેલ મિલકતની અનુસૂચિમાં વિગતવાર વર્ણવેલ ગીરવે સોનાના દાગીનાનું વેચાણ 13-07-2026ના રોજ સવારે 11:00 AM વાગ્યે "જેમ છે જ્યાં છે", "જેમ છે જેવું છે", "જે કંઈ પણ છે" અને "કોઈ આશરો નહીં" (No Recourse) ના આધારે જાહેર હરાજી કરવાનું પ્રસ્તાવિત કરે છે. હરાજી નીચે દર્શાવેલ શાખાઓ પર યોજાશે.

ગ્રાહકનું નામ	લોન ખાતા નંબર	બાકી રકમ (રૂ)	રિકોલ નોટિસની તારીખ	કુલ વજન	ચોખ્ખું વજન
શાખાનું નામઃ અલીપુર, બોડેલી વાડ [GJ]					
બારિયા અક્ષયકુમાર	XXXXXXXXXX8759	88239	13-04-2026	11.800	11.600
રથવા સુનિલભાઈ	XXXXXXXXXX3142	186900	07-05-2026	25.100	24.100
સોની રિકુબેન	XXXXXXXXXX4498	17215	18-05-2026	293.800	290.700
શાખાનું નામઃ આણંદ [GJ]					
પવનકુમાર શર્મા	XXXXXXXXXX6291	86822	18-05-2026	10.600	9.900
શાખાનું નામઃ બારસદ, આણંદ [GJ]					
મહમ્મદ અસલમ મલેક	XXXXXXXXXX3394	92117	02-04-2026	16.200	16.000
શાખાનું નામઃ દાહોદ [GJ]					
આશિશકુમાર કમલેશભાઈ હઠીલા	XXXXXXXXXX1667	171954	06-11-2025	29.070	27.770
દિનેશભાઈ કનુભાઈ દામોર	XXXXXXXXXX7493	138259	07-05-2026	16.510	16.210
દિનેશભાઈ કનુભાઈ દામોર	XXXXXXXXXX4820	122147	07-05-2026	13.850	13.300
રત્નાબેન કમલેશભાઈ હઠીલા	XXXXXXXXXX3504	733302	07-05-2026	113.440	111.490
સોયાદા ભરતકુમાર ગોકલભાઈ	XXXXXXXXXX5740	4043786	02-04-2026	613.360	562.860
શાખાનું નામઃ દંતેશ્વર વાડો વાદ [GJ]					
જાગૃતિબેન નરેશભાઈ પ્રજાપતિ	XXXXXXXXXX2031	305222	02-04-2026	36.760	35.060
શાખાનું નામઃ દેવગઢ બારિયા [GJ]					
રણજીતસિંહ દામભાઈ ખાબડ	XXXXXXXXXX7152	314404	07-05-2026	60.590	52.900
રણજીતસિંહ દામભાઈ ખાબડ	XXXXXXXXXX1417	286567	07-05-2026	54.800	48.000
શાખાનું નામઃ ગોધરા [GJ]					
બારિયા અજયકુમાર	XXXXXXXXXX2076	118071	02-04-2026	17.400	15.900
બારિયા નિરૂબેન શૈલેષભાઈ	XXXXXXXXXX8649	180057	02-04-2026	20.100	19.000
શર્મા જયેશકુમાર	XXXXXXXXXX3488	173960	07-05-2026	30.400	29.150
ઉષાબેન વાજેસિંહ પટેલ	XXXXXXXXXX8277	303512	02-04-2026	39.000	36.500
શાખાનું નામઃ કલાદર્શન ચાર રસ્તા [GJ]					
જાદવ સતિશકુમાર	XXXXXXXXXX6722	112053	07-05-2026	11.000	10.700
પરમાર કિશન હર્ષદભાઈ	XXXXXXXXXX4392	763028	02-05-2026	84.000	79.600
શાખાનું નામઃ કારેલીબાગ, વડોદરા [GJ]					
ભરવાડ કાનાભાઈ વનભાઈ	XXXXXXXXXX5412	739275	07-05-2026	75.000	66.100
ભરવાડ કાનાભાઈ વનભાઈ	XXXXXXXXXX6885	321528	07-05-2026	34.700	30.000
જીગીશા કૃણાલ ભટ્ટ	XXXXXXXXXX6110	51904	07-05-2026	5.300	5.150
પટેલ રૂપેશ	XXXXXXXXXX9646	84808	09-03-2026	14.100	13.400
શાખાનું નામઃ નિઝામપુરા, વડોદરા[GJ]					
મહર્ષિ સજ્જનસિંહ દેસાઈ	XXXXXXXXXX1796	319547	09-02-2026	66.900	60.700
પંડ્યા વિરેનકુમાર કમલેસભાઈ	XXXXXXXXXX1652	74609	02-04-2026	12.500	11.450
સ્વેતા સમીર દેસાઈ	XXXXXXXXXX5409	1331246	09-02-2026	318.500	308.800
શાખાનું નામઃ ઉમરેઠા એના [GJ]					
વિપુલકુમાર રમેશભાઈ પટેલ	XXXXXXXXXX9341	152519	02-04-2026	31.600	19.600
શાખાનું નામઃ વડોદરા [GJ]					
કૃણાલભાઈ મનીશકુમાર તપાસિયા	XXXXXXXXXX8690	1517152	07-05-2026	181.400	170.400
શ્યામજી ગોપીનાથ ચોરસિયા	XXXXXXXXXX3031	391824	02-04-2026	46.600	44.900
શાખાનું નામઃ વલ્લભ વિદ્યાનગર [GJ]					
ભાવીન શશિકાંત પટેલ	XXXXXXXXXX5830	2007047	02-04-2026	338.580	324.380
દાસ્રા સંતોષ કુમાર	XXXXXXXXXX2369	81352	07-05-2026	83.960	73.160
હરીશભાઈ હરતનભાઈ રબારી	XXXXXXXXXX3322	315356	07-05-2026	54.950	51.950
પ્રજાપતિ આશિષકુમાર એમ	XXXXXXXXXX1877	1148632	07-05-2026	146.920	130.120
પ્રજાપતિ આશિષકુમાર એમ	XXXXXXXXXX0324	1118138	07-05-2026	141.680	125.880
પ્રજાપતિ આશિષકુમાર એમ	XXXXXXXXXX6272	411220	07-05-2026	51.420	49.270
પ્રજાપતિ આશિષકુમાર એમ	XXXXXXXXXX6172	288680	07-05-2026	36.670	34.940

ટેન્ડરની શરતો અને નિયમો

આધાર/અનામત કિંમત (Base/Reserve price) હરાજીના દિવસે/તારીખે ટેન્ડર ભરનારાઓને આપવામાં આવશે, જેના પર હરાજીની બોલી ધ્યાનમાં લેવામાં આવશે. બેંક દ્વારા પૂરા પાડવામાં આવેલા નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં આપેલી બોલી/ઓફર્સ જ હરાજી માટે માન્ય ગણાશે.

અપૂર્ણ બોલી ફોર્મ/ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે અને તે રદ થવાને પાત્ર રહેશે. શરતો અને નિયમો સાથેના ટેન્ડર દસ્તાવેજો ઉપરોક્ત શાખામાંથી મેળવી શકાશે. યોગ્ય રીતે ભરેલું ટેન્ડર દસ્તાવેજ 13-07-2026 ના રોજ કામકાજના કલાકો દરમિયાન સંબંધિત શાખાના અધિકારીને સોંપવાનું રહેશે. નિયત તારીખ પછી મળેલા ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

ઉક્ત મિલકતો "જેમ છે જ્યાં છે", "જેમ છે જેવું છે", "જે કંઈ પણ છે" અને "કોઈ આશરો નહીં" ના આધારે વેચાણ માટે ઓફર કરવામાં આવે છે. ઉક્ત મિલકતના સંદર્ભમાં પ્રમાણ, શુદ્ધતા અને/અથવા અન્ય કોઈ લેણાં, કર (જો કોઈ હોય તો) અંગે બેંક કોઈ જવાબદારી લેતી નથી.

ઉપર જણાવેલ દિવસ અને સમયે ટેન્ડરર્સની હાજરીમાં (જેઓ હાજર રહેવા માંગતા હોય) તેમની સંબંધિત ઓફર્સ વધારવા/સુધારવા માટે બેંક દ્વારા હરાજીની તારીખે ટેન્ડરો ખોલવામાં આવશે.

શાખાના નામો ઉપર ઉલ્લેખિત છે. હરાજીની તારીખઃ 13-07-2026.

એકવાર સબમિટ કર્યા પછી ઓફર/ટેન્ડર પાછું ખેંચી શકાશે નહીં અને જો કોઈ ચોક્કસ વસ્તુ/અસ્કયામત/દાગીના માટે સિંગલ બોલી/ઓફર હશે તો બિડર બોલીની રકમ જમા કરાવવા માટે બંધાયેલા રહેશે. જો કોઈ ચોક્કસ વસ્તુ/અસ્કયામત/દાગીના માટે એક કરતાં વધુ બોલી હશે, તો બિડર્સ વચ્ચે આંતરિક બોલી (inter-se bidding) યોજાશે અને સૌથી વધુ બોલી લગાવનારને સફળ બિડર જાહેર કરવામાં આવશે. બિડરે તમામ KYC દસ્તાવેજો એટલે કે PAN નંબર, PAN કાર્ડ, [Aadhaar Redacted] અને સરનામાનો પુરાવો વગેરે સબમિટ કરવાના રહેશે. બિડરે માન્ય E-mail ID અને સંપર્ક નંબર સબમિટ કરવાનો રહેશે. બેંક પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી ઓફર સ્વીકારવાનો કે નકારવાનો તેનો અધિકાર અનામત રાખે છે. ઉક્ત મિલકતના વેચાણ/વેચાણ માટેની ઓફરમાંથી ઉદ્ભવતા કોઈ પણ વિવાદો/મતભેદો માત્ર મુંબઈ ખાતેની અદાલતો/ટ્રિબ્યુનલોના વિશિષ્ટ અધિકારક્ષેત્રને આધીન રહેશે.

સ્થળઃ ગુજરાત

અધિકૃત અધિકારી
એક્સિસ બેંક લિમિટેડ

ફિટનેસ સર્ટિફિકેટ અને સેફ્ટી ગીયર્સ વિના જ ધમધમતો ગેમિંગ ઝોન

ઈવા મોલમાં રાઈડ કે મોતનો ખેલ? સુરક્ષાના નામે માસમૂના જીવ સાથે ખુલ્લેઆમ રમત

ભૂતકાળની દુર્ઘટનાઓમાંથી પાઠ શીખવાને બદલે માત્ર નફાખોરી પાછળ આંધળું બનતું મોલ પ્રશાસન



(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરાના ઈવા મોલમાંથી એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે, જ્યાં મનોરંજનના નામે નિર્દોષ બાળકો અને નાગરિકોના જીવ સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે. મોલમાં આવેલા ગેમિંગ ઝોન અને રાઈડ્સમાં સુરક્ષાના તમામ નિયમોના ધજાગરા ઉડી રહ્યા હોવાની ગંભીર વિગતો પ્રકાશમાં આવી છે. આ ગેમિંગ ઝોન અત્યારે મુલાકાતીઓ માટે મનોરંજનનું કેન્દ્ર ઓછું અને 'મોતનો ખેલ' વધુ બની ગયું હોય તેવી ભયાવહ સ્થિતિ સર્જાઈ છે.

સ્થાનિક મુલાકાતીઓ અને વાલીઓ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો અનુસાર, અહીં ચાલતી જોખમી રાઈડ્સમાં પૂરતા સેફ્ટી ગીયર્સ કે સુરક્ષાના સાધનો ઉપલબ્ધ નથી. એટલું જ નહીં, આ મશીનો અને રાઈડ્સના કાયદેસરના ફિટનેસ સર્ટિફિકેટ પણ છે કે નહીં તે બાબતે મોટા સવાલો ઊભા થયા છે. ભૂતકાળમાં રાજ્યમાં બનેલી મોટી ગેમિંગ ઝોનની દુર્ઘટનાઓમાંથી કોઈ પાઠ ભણવાને બદલે, ઈવા મોલનું પ્રશાસન અને રાઈડ્સના સંચાલકો માત્ર નફાખોરી પાછળ આંધળા બન્યા હોય તેમ લાગી રહ્યું છે.

લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે કારણ કે સંચાલકો ટિકિટના નામે જનતા પાસેથી પૂરેપૂરા પૈસા વસૂલે છે, પરંતુ જ્યારે વાત સુરક્ષા અને સલામતીની આવે છે ત્યારે તેઓ સંપૂર્ણપણે નાકામ સાબિત થયા છે. માસૂમ બાળકો જ્યારે આ રાઈડ્સમાં બેસે છે ત્યારે વાલીઓનો જીવ તાળવે ચોંટેલો રહે છે.

શહેરના જાગૃત નાગરિકો હવે વહીવટી તંત્ર સામે સવાલો ઉઠાવી રહ્યા છે. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના કે જાનહાનિ થાય તેની રાહ જોઈને બેઠું છે? વડોદરા મહાનગરપાલિકા અને પોલીસ પ્રશાસન તાત્કાલિક ધોરણે આ મામલે કડક પગલાં ભરે તે અનિવાર્ય બન્યું છે. સુરક્ષાના માપદંડોની ખરાઈ કર્યા વિના ચાલતી તમામ રાઈડ્સને સદંતર બંધ કરાવી, બેજવાબદાર સંચાલકો સામે કાયદાકીય સકંજો કસવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે. મોલ સંચાલકો દ્વારા સુરક્ષાના નામે ચાલતી આ મોતની રમત વહેલી તકે અટકે તે જ જનહિતમાં છે.

સંકટમોચન હનુમાન મંદિરનો ૧૦મો પ્રતિષ્ઠા દિવસ ઉજવાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

પ્રતાપગંજ સ્થિત એમ.એસ. યુનિવર્સિટી કેમ્પસના શ્રી સંકટમોચન હનુમાન મંદિર ખાતે મંદિરના 10મા પ્રતિષ્ઠા દિવસની ભવ્ય ઉજવણી વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને પર્યાવરણલક્ષી કાર્યક્રમો સાથે કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે લઘુ રુદ્ર, હનુમાન યજ્ઞ, સામૂહિક હનુમાન ચાલીસા પાઠ, વેદપારાયણ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજી પર્યાવરણ સંરક્ષણ અને ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ પ્રત્યેના આદરનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS), વિશ્વ હિંદુ પરિષદ (VHP), HSSF, ભારતીય જનતા પાર્ટી, બજરંગ દળ તેમજ એમ.એસ. યુનિવર્સિટીના પ્રાધ્યાપકો સહિત વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ મંદિર દ્વારા હાથ ધરાતા ધાર્મિક અને સામાજિક કાર્યોની પ્રશંસા કરી હતી.

૪૬.૯૫ કરોડની છેતરપિંડી કેસમાં આરોપી રાહી કોટકના રેગ્યુલર જામીન નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.12

રોકાણના નામે આશરે રૂ.46.95 કરોડની છેતરપિંડીના કેસમાં પાટણ જિલ્લાના રાધનપુરના રહેવાસી અને આરોપી રાહી જસુ કોટક (ઉં.34) ની નિયમિત જામીન અરજી કોર્ટે નામંજૂર કરી છે. સરકારી વકીલ એ.એમ. દેસાઈએ તપાસ અધિકારીના અહેવાલના આધારે દલીલ કરી હતી કે અરજદારે અન્ય સહ-આરોપીઓ સાથે મળીને ગુનાહિત કાવતરું રચી ફરિયાદીને વિવિધ કંપનીઓના શેરમાં રોકાણ કરવા માટે લલચાવ્યો હતો.

તપાસ મુજબ આરોપીઓએ મળીને ફરિયાદી સાથે રૂ. 46.95 લાખની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. કોર્ટે નોંધ્યું કે અરજદારની ગુનામાં સક્રિય અને મહત્વપૂર્ણ ભૂમિકા હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે તેમજ છેતરાયેલી રકમ હજુ સુધી વસૂલ થઈ નથી. આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી કોર્ટે રાહી કોટકની નિયમિત જામીન અરજી ફગાવી દીધી હતી.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
રસ્તા બંધ / ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ

તરસાલી જંકશનથી નેશનલ હાઈવે સુધીનો રસ્તો વાઈડનીંગ કરી ફુટપાથ સહ વિકસાવવાની કામગીરીમાં તરસાલી ગામ દ્વારકેશ ફાર્મથી નેશનલ હાઈવે સુધીનો હયાત રસ્તો ખોદાણ કરીને આર.સી.સી રોડ બનાવવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. તરસાલી નેશનલ હાઈવેથી સરદાર પટેલ સ્ટેચ્યુ સુધી આર.સી.સી. રોડની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં શ્રી પુષ્ટિ નગર પ્રાથમિક શાળાથી સરદાર પટેલ સ્ટેચ્યુ સુધીનો આર.સી.સી. રોડ ક્યોરીંગ પીરીયડ હેઠળ હોઈ તા.૧૫.૦૬.૨૦૨૬થી ટુ-વ્હીલર તથા લાઈટ મોટર વ્હીકલ સરળતાથી અવર-જવર કરી શકશે. તેમજ દ્વારકેશ ફાર્મથી નેશનલ હાઈવે તરફ જતાં અંદાજે ૧૦૦ મીટર લંબાઈમાં કામગીરી પ્રગતિમાં હોઈ તા.૩૦.૦૬.૨૦૨૬ સુધી ભારદારી વાહનો માટે પ્રવેશબંધી રહેશે. ઉપરોક્ત જાહેર નોટીસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી.આર.ઓ.નં. ૧૭૬/૨૬-૨૭ કા.ઈ., રોડ શાખા

અકસ્માતમાં ઘાયલની સારવાર માટે હોસ્પિટલ મનાઈ કરે તો પગલાં લેવાશે

ઘાયલોને પીએમજેવાય હોસ્પિટલમાં મફત સારવારની પીએમ રાહત યોજનાનો અમલ અપીલ

(પ્રતિનિધિ) વડોદરા તા.12

માર્ગ અકસ્માતમાં ઘાયલોને પીએમ રાહત યોજના હેઠળ વિનામૂલ્યે સારવાર આપવામાં મનાઈ કરતી માન્ય હોસ્પિસ્ટલો સામે પગલા ભરવાની સ્પષ્ટ તત્પરતા પોલીસ કમિશનર શ્રી નરસિમ્હા કોમારે દર્શાવી છે. પ્રધાનમંત્રી આયુષ્માન ભારત યોજના હેઠળ એમ્પેનલ્ડ હોસ્પિટલોમાં માર્ગ અકસ્માતમાં ઘાયલોને કોઇ પણ ચાર્જ લીધા વિના સારવાર આપવાની યોજનાનો સુચારૂ રીતે અમલ કરવા આ બન્ને અધિકારીઓ દ્વારા સંચાલકો સાથે બેઠક યોજવામાં આવી હતી.

આજે કલેક્ટર કચેરીમાં એમ્પેનલ્ડ હોસ્પિટલોના તબીબો અને સંચાલકો સાથે યોજાયેલી બેઠકમાં પીએમ રાહત યોજનાના અમલીકરણની કાર્યપદ્ધતિની સરળ સમજ સરકારી તબીબો દ્વારા આપવામાં આવી હતી.

પીએમ રાહત યોજનાનો મુખ્ય હેતુ માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોને સમયસર અને ગુણવત્તાયુક્ત સારવાર ઉપલબ્ધ કરાવવાનો છે. અકસ્માત બાદની શરૂઆતની ક્ષણો અત્યંત મહત્વપૂર્ણ હોય છે, તેથી આ યોજના હેઠળ પીડિતોને તાત્કાલિક સારવાર મળી રહે અને સારવારના ખર્ચને કારણે કોઈ વિલંબ ન થાય તેની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ યોજના હેઠળ માર્ગ અકસ્માતના પીડિતોને નિર્ધારિત હોસ્પિટલો ખાતે કેશલેસ સારવારની સુવિધા આપવામાં આવે છે. અકસ્માત પછીના પ્રથમ સાત દિવસ દરમિયાન નક્કી કરાયેલી મર્યાદા સુધીના સારવાર ખર્ચનું વહન સરકાર દ્વારા કરવામાં આવે છે. આથી પીડિત અને તેમના પરિવારજનો પર તાત્કાલિક આર્થિક બોજો ઓછો થાય છે.

યોજનાના અમલીકરણમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, પોલીસ તંત્ર, આરોગ્ય વિભાગ અને હોસ્પિટલોના સંકલિત પ્રયાસોને મહત્વ આપવામાં આવ્યું છે. અકસ્માતની જાણ થતાં જ પીડિતને ઝડપથી નજીકની હોસ્પિટલમાં પહોંચાડવા અને જરૂરી સારવાર શરૂ કરવા માટે અસરકારક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યું કે, પીએમ રાહત યોજના હેઠળ જે હોસ્પિટલોના આઈડી જનરેટ નહી થયા તે બનાવવાની તત્કાલીક કાર્યવાહી કરવામાં આવશે.

નશાયુક્ત કફ સિરપનો ફરાર મુખ્ય સપ્લાયરને SOGએ ઝડપી પાડયો

(પ્રતિનિધિ) વડોદરા તા 12

વડોદરા શહેર એસઓજીએ સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસના 3 મહિનાથી ફરાર આરોપી અને કફ સિરપ સપ્લાયર કેયુર રમેશ રાજપૂતને વાઘોડિયા રોડ પર નાલંદા પાણીની ટાંકી નજીકથી ઝડપી પાડ્યો છે. વર્ષ 2025માં યાકુતપુરા વિસ્તારમાં પ્રતિબંધિત કોડીનયુક્ત કફ સિરપના જથ્થા સાથે નોંધાયેલા ગુનાની તપાસ દરમિયાન કેયુરનું નામ મુખ્ય સપ્લાયર તરીકે સામે આવ્યું હતું. અગાઉ ત્રણ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી હતી, જ્યારે કેયુર ફરાર હતો. બાતમીના આધારે SOG ટીમે તેને ઝડપી લઈને વધુ તપાસ હાથ ધરી છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૩૫૨૧૪૪૮૦૩	હોમ લોન	૧. રાજેશભાઈ પ્રતાપસિંહ રાઠોડ ૨. સીતાબેન રાઠોડ	૨૩-એપ્રિલ-૨૦૨૬	રૂા.૬,૦૨,૬૦૭.૩૫

મિલકત નુ સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ગ્રામ પંચાયત ની મિલકત નં. ૩૯૧,ઘર નં. ૭૦,વેચાણ લાયક જમીન નો વિસ્તાર ૬૨.૪૩ ચો. મી. (૬૭૨ ચો.ફુટ) ગામ દારકુંડી, પોસ્ટ. લટવા,તાલુકો દેસર,જી.વડોદરા, ગુજરાત-૩૯૧૫૩૦ ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : પૂર્વ તરફ :રોડ,પશ્ચિમ તરફ : વિક્રમભાઈ નુ ઘર, ઉત્તર તરફ : મોહનભાઈ ની ખેતી લાયક જમીન, દક્ષિણ તરફ : જગદિશભાઈ નુ ઘર આવેલ છે.

આથી તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૧૩.૦૬.૨૦૨૬
સ્થળ : વડોદરા, ગુજરાત